સુવિચાર : પ્રેમ કેવળ પ્રસન્નતા નથી આપતો, એ સહનશીલ બનવાની તાકાત પણ પેદા કરી દે છે - હૃદયસૂત્ર

તાપમાન
મહત્તમ : ૨૯.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૮ ટકા ● સાંજે ૯૬ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૫૫ | ૧૪ ઓગસ્ટ, ૨૦૧૫, શુક્રવાર ; અષાઢ વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## ફટાફટ ન્યુઝ

- ● ભારે વિરોધ અને ધમાલ વચ્ચે સંસદનું મોનસુન સત્ર પરિપૂર્ણ
- ● ત્રાસવાદીઓની સાથે અથડામણ અને ઘુસણખોરીના પ્રયાસ વધ્યા
- ● સ્વતંત્રતા દિન : દિલ્હી હવે લશ્કરી છાવણીમાં ફેરવાયું
- ● પ્રથમ ટેસ્ટ : શ્રીલંકા પર હારનું સંકટ : ધવન, કોહલીની સદી
- ● નીતિશ - લાલુના મહાગઠબંધનમાં તિરાડ : એનસીપી સાથે નહીં રહે
- ● યુએઈમાં મોદીના સ્વાગત માટે ભારતીયોમાં ઉત્સાહ
- ● રાધે માં સામે હવે અભિનેત્રી ડોલી બિન્દ્રા મેદાનમાં આવી
- ● ચીનમાં કેમિકલ વેરહાઉસમાં બે બ્લાસ્ટ : ૪૪થી વધુના મોત
- ● રેટમાં કાપની આશા વચ્ચે સેન્સેક્સમાં ફરીથી સુધારો
- ● પાકિસ્તાન દ્વારા સતત પાંચમાં દિવસે ભીષણ ગોળીબાર થયો

# પાટીદાર અનામત મામલે સાત મંત્રીઓની સમિતિની રચના




### મુખ્યમંત્રીના નેતૃત્વમાં ઉચ્ચસ્તરીય બેઠકમાં મહત્વપૂર્ણ નિર્ણય : સમિતિનું નેતૃત્વ નિતિનભાઈ પટેલ કરશે : સમાજ-સંગઠનોના પ્રતિનિધિની રજુઆતો સાંભળી ઉચ્ચસ્તરીય સમિતિ હેવાલ સુપ્રત કરશે

અમદાવાદ, તા.૧૩

પાટીદાર સમુદાયના આંદોલનને લઈને સમુદાયના લોકો આક્રમક મૂડમાં છે, ત્યારે આ આંદોલનને લઈને સરકાર પણ હચમચી ઉઠી છે. જેના પરિણામ સ્વરૂપે આખરે ગુજરાત સરકારે અનામતની માંગણીની રજુઆતો સાંભળવા ઉચ્ચસ્તરીય સમિતીની રચના કરી છે. સાત મંત્રીઓની ઉચ્ચસ્તરીય સમિતી બનાવવામાં આવી છે. આ સમિતીનું નેતૃત્વ નિતિનભાઈ પટેલ સંભાળશે. સરકારી નોકરી તથા ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં અનામતની માંગણીની રજુઆત સાંભળવા માટે સાત મંત્રીઓની ઉચ્ચસ્તરીય સમિતી રચવામાં આવી છે.આરોગ્ય મંત્રીના નેતૃત્વમાં આ સમિતીમાં જે પ્રધાનો છે તેમાં રમણલાલ વોરા, ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, બાબુભાઈ બોખિરીયા તથા રાજ્યમંત્રી વસુબેન ત્રિવેદી,નાનુભાઈ વાનાણી અને રજનીભાઈ પટેલનો સમાવેશ થાય છે. આ ઉચ્ચસ્તરીય સમિતી જુદા-જુદા સમાજ અને સંગઠનોના પ્રતિનિધિઓની રજુઆત સાંભળીને તેનો અહેવાલ રાજ્ય સરકારને સુપ્રત કરશે. અત્રે ઉલ્લેખનીય છે કે, પાટીદાર સમુદાય અમદાવાદમાં મહારેલીની તૈયારીમાં લાગેલા છે. ૨૫મી ઓગસ્ટના દિવસે આ મહારેલી યોજાનાર છે, જેની તમામ તૈયારીઓમાં પાટીદાર સમુદાયના લીડરો આક્રમક દેખાઈ રહ્યા છે.

# સ્વાતંત્ર સેનાનીના પેન્શનમાં માસિક ૪૦૦૦નો વધારો

ગાંધીનગર, તા.૧૩

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે ૬૯માં સ્વાતંત્ર પર્વ નિમિતે સ્વાતંત્ર સેનાનીઓને મળતા પેન્શનમાં ૪૦૦૦નો વધારો કરીને સ્વાતંત્ર પર્વની ભેટ આપી છે. દેશની આઝાદીની ચળવળમાં ભાગ લેનારા રાજયના ૨૦૦ ઉપરાંત હયાત સ્વાતંત્ર સેનાનીઓને રાજય સરકાર દ્વારા ચુકવવામાં આવતા હાલનાં ૬૦૦૦ના માસિક પેન્શનમાં ૪૦૦૦નો વધારો કરીને ૧૦,૦૦૦ કરાયા છે.

તદઉપરાંત તેમના ૧૫૦ જેટલા આશ્રિતોને પણ ચુકવવામાં આવતા હાલના માસિક ૫૦૦૦ના પેન્શનમાં ૨૦૦૦નો વધારો કરીને ૭૦૦૦ કરવામાં આવ્યા છે. આમ રાજય સરકારે દેશની આઝાદીની લડતમાં ભાગ લેનારાઓનું ખરેખર ઋણ અદા કર્યું છે અને તેમની કાળજી લીધી છે.

સ્વાતંત્ર સેનાનીઓ તથા તેમના આશ્રિતોના પેન્શનમાં કરવામાં આવેલ આ વધારો તા. ૧-૮-૨૦૧૫થી અમલમાં આવ્યો છે. તેમ સામાન્ય વહીવટ વિભાગની યાદીમાં જણાવાયું છે.

અત્રે નોંધનીય છે કે, રાજયના આરોગ્યમંત્રી નીતિનભાઈ પટેલે બુધવારે એક મહત્વની જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, સરકારી મેડિકલ કોલેજો અને સંલગ્ન શૈક્ષણિક હોસ્પિટલો ખાતે ફરજ ઉપરના રેસિડેન્ટ ડોકટર્સ અને ઈન્ટર્નીસ ડોક્ટરો દ્વારા તેમને મળતા સ્ટાઈપેન્ટમાં વધારો કરવા અંગે રાજ્ય સરકારને રજૂઆત કરવામાં આવી હતી. તેને ધ્યાનમાં લઈને મુખ્યમંત્રી આનંદીબેન પટેલે સહાનુભૂતિપૂર્વક વિચારણા કરીને આ સ્ટાઈપેન્ડ દરોમાં ૪૮ ટકાનો વધારો કર્યો છે. આ વધારાનો લાભ ૯૦૦થી વધારે ઈન્ટર્નીસ ડોક્ટરો અને ૨૫૦૦થી વધુ રેસિડેન્ટ ડોક્ટરોને મળશે, જે ૧-૪-૨૦૧૫થી ચુકવાશે જેનાથી રાજ્ય સરકારને રૂપિયા ૩.૪૫ કરોડ જેટલો બોજ પડશે.



**વંદે માતરમ્ -** આવતીકાલે દેશનો સ્વાતંત્ર્ય દિન શાનદાર રીતે ઉજવાશે... રાજ્યના પાટનગર ગાંધીનગર ખાતે સેક્ટર-૧૧ના રામકથા મેદાનમાં રાષ્ટ્રધ્વજને સલામી અપાશે અને બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરાશે... આજે યોજાયેલ રીહસર્લ દરમિયાન શાળાના વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ કૃતિઓ દ્વારા દેશભક્તિના ગીતો રજૂ કર્યા હતા... (તસવીર : દિપક જાની)

# જિલ્લામાં ૯,૬૦૦ ખેડૂત ખાતેદારો વધ્યા

### ૨૦૧૦-૧૧ની કૃષિ ગણતરીના પરિણામમાં બહાર આવેલી હકીકત : સૌથી વધુ ખેડૂત ખાતેદારો ગાંધીનગરમાં

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લામાં ખેડૂત ખાતેદારોની સંખ્યામાં ૯,૬૦૦થી પણ વધુનો વધારો છેલ્લા પાંચ વર્ષમાં થયો છે. ૨૦૧૦-૧૧માં થયેલા એગ્રીકલ્ચર સેન્સસમાં આ વિગતો બહાર આવી છે.

રાજ્યના કૃષિ વિભાગ દ્વારા તાજેતરમાં જાહેર થયેલા એગ્રીકલ્ચર સેન્સસના પરિણામોમાં જિલ્લાના ખેડૂત ખાતેદારોની સંખ્યામાં વધારો જણાયો છે તેમજ નાના અને સીમાંત ખેડૂતોની સંખ્યામાં વધારો જણાયો છે. પ્રથમવાર સેમી મધ્યમ ખેડૂતોની સંખ્યા પણ આ પરિણામમાં દર્શાવવામાં આવી છે.

આ પરિણામોમાં દર્શાવ્યા મુજબ જિલ્લામાં ૧,૧૮,૨૮૧ ખેડૂત ખાતેદારો પાસે ૧,૫૯,૪૦૧.૫ હેક્ટર જમીનનો વાવેતર વિસ્તાર છે. જેમાં ૨૨૮૮ ખેડૂત ખાતેદારો નોંધાયેલા છે અને તેમની પાસે ૪૨૬૨.૩૧ હેક્ટર વાવેતર વિસ્તાર ધરાવે છે. ૧૧૩ શિડ્યુલ ટ્રાયબલના ખાતેદારો પાસે ૧૨૧.૨ હેક્ટર વાવેતર વિસ્તાર છે.

### કયા તાલુકામાં કેટલા ખાતેદારો અને જમીન

| તાલુકાનું નામ | ખાતેદારોની સંખ્યા | વાવેતર વિસ્તાર (હેક્ટરમાં) |
|---|---|---|
| ગાંધીનગર | ૩૭,૮૧૫ | ૪૪,૭૮૭ |
| દહેગામ | ૨૭,૩૮૦ | ૪૯,૨૧૮ |
| માણસા | ૨૬,૮૦૧ | ૨૮,૭૫૬ |
| કલોલ | ૨૬,૨૮૫ | ૩૬,૬૪૦ |
| કુલ | ૧,૧૮,૨૮૬ | ૧,૫૭,૪૦૧ |

જિલ્લામાં ૨૧૬ ખેડૂત ખાતેદારો પાસે ૧૦ હેક્ટરથી વધુ જમીન ધરાવે છે. તો ૧૬૨ ખાતેદારો પાસે ૨૦ હેક્ટરથી વધુ તો ૩૭૭ ખેડૂત ખાતેદારો પાસે ૨૫ હેક્ટરથી પણ વધુનો જમીન વિસ્તાર છે.

જિલ્લામાં સૌથી વધુ ખેડૂત ખાતેદારો ગાંધીનગર તાલુકામાં ૩૭,૮૧૫ નોંધાયા છે. તો સૌથી ઓછા ખેડૂત ખાતેદારો કલોલ તાલુકામાં નોંધાયેલા છે. જેમની સંખ્યા ૨૬,૨૮૫ છે.

માણસા તાલુકામાં ૨૬,૮૦૧ ખેડૂત ખાતેદારો નોંધાયેલા છે તો દહેગામમાં ૨૭,૩૮૦ ખેડૂત ખાતેદારો નોંધાયેલા છે.

જિલ્લામાં આ ખાતેદારોની સંખ્યામાં થયેલો વધારો દર્શાવે છે કે જિલ્લામાં નાના અને સીમાંત ખેડૂતો છે. અહિ જમીનના ટુકડા વધુ થયા છે.

૦.૯૯ હેક્ટર ધરાવતા ખેડૂતને સીમાંત ખેડૂત ગણવામાં આવે છે. તો ૧ હેક્ટરથી ૧.૯૯ હેક્ટર ધરાવતા હોય તેવા ખેડૂતને નાના ખેડૂત ગણવામાં આવે છે.

● અનુસંધાન પાન-૭ પર











